# 3 અવિરામ યુદ્ધ

## મૌખિક

**૧. શું તમે ક્યારેય દરિયાકિનારાની કે દરિયાકાંઠે આવેલ સ્થળોની મુલાકાત લીધી છે ?**

હા, મેં મારા કુટુંબ સાથે 'જુહુ-ચોપાટી'ની મુલાકાત લીધી છે. / કન્યાકુમારી, ગોવા વગેરે સ્થળોની મુલાકાત લીધી છે. ગુજરાતમાં દીવ-દમણ-વેરાવળ.

**૨. ગુજરાત અને ભારતના દરિયાકિનારે આવેલાં ગામો કે શહેરોના નામ કહો.**

પોરબંદર, સોમનાથ-વેરાવળ, દીવ, દમણ, કંડલા, માંડવી, બાલાછડી-જામનગર, ઓખા, ડુમસ(સુરત), ખંભાત, ઘોઘા-ભાવનગર વગેરે

**૩. માછીમારોની રહેણીકરણી અને ખોરાક વિશે જાણતા હોવ, તો જણાવો.**

માછીમારો દરિયાકિનારે 'દરિયાખેડુ' બનીને હિંમતભર્યું જીવન જીવે છે. તેમના ખોરાકમાં મુખ્યત્વે દરિયાઈ જીવો, માછલી અને ભાત હોય છે.

- માછીમારો દરિયાને દેવ માને છે. અષાઢી બીજ અને શ્રાવણી પૂર્ણિમાએ દરિયાદેવની પારંપરિક પૂજા કરે છે.
- 'નાળિયેર'ના વૃક્ષમાંથી બનતી તમામ ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે.
- પરંપરાગત રીતે તેમજ આધુનિક ઢબે માછીમારો માછલાં પકડવાનું કાર્ય કરે છે. કેટલાંક મત્સ્ય

ઉદ્યોગ સાથે પણ જોડાય છે. કેટલાંક 'ઝીંગાના તળાવ' દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે રોજગાર-વ્યાપાર પણ કરે છે.

**લિખિત**

**૧. નીચે આપેલા પ્રશ્નોના એક - એક વાક્યમાં જવાબ લખો.**

**૧. દરિયો શાને લીધે વધારે ને વધારે ભયંકર બનતો જતો હતો ?**

દરિયાના પ્રચંડ મોજાંનો અવાજ ઘુઘવાતો હોવાથી તેમજ અંધકારને લીધે તે વધારે ને વધારે ભયંકર બનતો જતો હતો.

**૨. દરિયાકિનારે એક સ્ત્રી કોની સાથે ઊભી હતી ?**

દરિયાકિનારે એક સ્ત્રી પોતાના પુત્ર સાથે ઊભી હતી.

**૩. દરિયાના પાણીમાં નાનીસરખી હોડીની શી દશા નજરે પડી ?**

નાની સરખી હોડી હિમાલય જેવડાં દરિયાના મોજાં ઉપર ચડીને નીચે પછડાતી જતી હતી. તેમજ પવનના ઝપાટાથી વધુ હાલકડોલક થતી હતી.

**૪. કેટલાંક વૃદ્ધોને મતે દરિયો શું લેશે ?**

કેટલાંક વૃદ્ધોની માન્યતા મુજબ દરિયાના 'ભોગ' લેવાનો વખત થયો હોવાથી તે જરૂરથી ભોગ લેશે તેવું લાગતું હતું.

**૫. રાક્ષસ જેવા ગર્જના કરતા દરિયા સામે હાલક-ડોલક થતી હોડીની શી દશા થઈ ?**

રાક્ષસ સેવા ગર્જના કરતા દરિયા સામે હાલક-ડોલક થતી હોડી પવનના એક જ ઝપાટે તૂટી ગઈ અને માણસ દૂર દરિયામાં ફેંકાઈ ગયો.

**૬. નાનકડો છોકરો દરિયાકિનારે શું કરી રહ્યો હતો ?**

નાનકડો છોકરો દરિયાકિનારે પોતાનું હોડકું તૈયાર કરી રહ્યો હતો.

**૭. છોકરાની નિર્ભયતા જોઈ લેખકના મનમાં શો વિચાર આવ્યો ?**

લેખકના મનમાં વિચાર આવ્યો કે શું શ્રમ ભરેલું જીવન અને રણમેદાન જ નિર્ભયતા આપતાં હશે ? વળી આવી નિર્ભયતામાંથી જ ચારિત્ર ઘડાતું હશે ?

**૨. નીચે આપેલા પ્રશ્નોના બે– ત્રણ વાક્યમાં જવાબ લખો.**

**૧. માછીમારનાં કુટુંબના માણસો શા માટે દરિયાકિનારે ઊભા હતાં ?**

માછીમારના કુટુંબના માણસો ચિંતાતુર ચહેરે એકીટશે માણસનું અને કુદરતનું ભયંકર યુદ્ધ જોઈ રહ્યાં

હતાં. મા-દીકરો ખૂબ જ ચિંતાપૂર્વક દરિયામાં હાલક-ડોલક થતી હોડી જોઈ રહ્યાં હતાં. છોકરાનો પિતા એ હોડી પર સવાર હોવાથી ભય લાગે તે સ્વાભાવિક હતું.

**૨. લેખકને છોકરાએ શો જવાબ આપ્યો ?**

લેખકને છોકારાએ જવાબ આપ્યો, “સાહેબ ! ભગવાને આ ધંધો સોંપ્યો છે, બીજો ધંધો સારો આવડતો હોય તો ભલે, નકર બીકનો માર્યો બાપદાદાનો આ ધંધો છોડું તો મારું નાક વઢાઈ જાય !”



# 4 મોરલો

મૌખિક

**૧.'મોર' પક્ષી અંગે તમે શું જાણો છો ?**

મોર ઘણા મોટાં-મોટાં ઘેઘૂર ઝાડની ઘટામાં જોવા મળે છે.

- મોર પંખી ઘણું જ સુંદર હોય છે.
- મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે.
- કળા કરતો મોર ખૂબ જ સરસ લાગે છે. તે ઢેલડીઓ સાથે પણ ચોમાસામાં નૃત્ય કરતો જોવા મળે છે.

**૨. વરસાદ આવે ત્યારે તમારી આસપાસ, ઘટાદાર વૃક્ષોની ડાળી પર કયું પક્ષી ઊંચા અવાજે બોલતું સંભળાય છે ?**

વરસાદ આવે ત્યારે મોર પક્ષી ઘટાદાર વૃક્ષોની ડાળી પર બેસીને ઊંચા અવાજે બોલતું સંભળાય છે.

**૩. 'મોર'ના ટહુકા તમે ક્યારે સાંભળ્યા છે ?**

મોટેભાગે વન-વગડામાં, જંગલ-ઝાડીઓમાં તેમજ ઘટાદાર વૃક્ષોની ડાળીઓના ઘેરાવામાં વર્ષાઋતુ દરમ્યાન 'મોર'ના ટહુકા અમે સાંભળ્યા છે.

**૪. તમે કોઈ વન-વગડાની મુલાકાત ચોમાસા દરમ્યાન લીધી હોય તો જણાવો.**

અમે 'ડાંગ'ના જંગલોમાં, પર્વતીય સ્થળ 'સાપુતારા'ની મુલાકાત ચોમાસા દરમ્યાન લીધી છે.

**૫. કાળાં-ડિબાંગ વાદળો આકાશમાં છવાયાં હોય ત્યારે તમે 'મોર'ને ટહુકતો સાંભળ્યો હોય, તો તેનું વર્ણન કરો.**

કાળાં-ડિબાંગ વાદળો આકાશમાં છવાયાં હોય ત્યારે 'મોર'ને અમે સવિશેષ રીતે નાચતો-કૂદતો, થનગન-થનગન નાચતો, કળા કરીને નૃત્ય કરતો જોયો છે. મોર ઘણા ઊંચા અવાજે ટેહુક...ટેહુક... કરતો જોવા મળે છે.

**૬. આપણા સમાજજીવનમાં, રંગોળીની ભાતમાં, કાપડ ઉપરની ભાતમાં તમે 'મોર' ક્યાં-ક્યાં જોયો છે ?**

આપણા સમાજજીવનમાં રંગોળીની ભાતમાં 'મોર'ની છાપ જોવા મળે છે. કાપડ ઉપર પણ ડિઝાઈનમાં મોર, મોરની કળા જોવા મળે છે.

**૭. ગુજરાતની 'પટોળા' સાડીની ભાતમાં તમે 'મોર-પોપટ-હાથી' જોયાં હોય તો જણાવો.**

હા, ગુજરાતનું 'પટોળું' વિશ્વવિખ્યાત છે. પરંપરાગત રીતે અવશ્યપણે 'પટોળા' સાડીની ડિઝાઈનમાં મોર-પોપટની ડિઝાઈન જોવા મળે છે. 'મોર'ની ભાતને પટોળા સાડીમાં વણાટ દરમ્યાન વણી લેવામાં આવે છે.

## લિખિત

**૧. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

**૧. મોરલો ક્યારે ટહુકે છે ?**

વર્ષાઋતુમાં વન-વગડે ને ડુંગરે ટહુકે છે.

**૨. મોરના ટહુકા કેવાં ગાજે છે ?**

ઘેરા-ગંભીર અવાજે મોરના ટહુકા ગાજે છે.

**૩. મોરલો 'મોરપિચ્છ'માં શું ભરીને હરખાય છે ?**

મોરલો 'મોરપિચ્છ'માં લીલીછમ વનરાઈને ભરીને હરખાય છે.

**૪. પીંછાની ટીલડીમાં કોણ ચમકે છે ?**

પીંછાંની ટીલડીઓમાં મોરલો ચમકે છે.

**૨. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો**

**૧. ઝરમર વરસાદે મોર કેવી રીતે બોલે છે ?**

ડોકને ઊંચી કરી, ડોકના મરોડદાર વળાંક લઈ ઝરમર વરસાદે મોર બોલે છે.

**૨. 'મા'ની ઓઢણીની ભાતમાં, 'મોરલો' શું ભરી ઊડે છે ? ક્યાં ?**

'મા'ની ઓઢણીની ભાતમાં રંગરંગ ભરી મોરલો ઊડે છે. મોરલો લીલીછમ વનરાઈમાં ...

ઊડે છે.

**૩. ઢેલડીઓની સંગાથે મોરલો કેવી રીતે નાચે છે ?**

ઢેલડીઓની સંગાતે મોરલો થનગન-થનગન નાચે છે.

**૪. વરસાદી મોસમે મોરલો કોને તાણી લાવે છે ?**

જનમો-જનમનાં લેણાં-દેણાં લઈ, 'વરસાદી' મોસમને મોરલો તાણી લાવે છે.

**૫. મોરલો જગતના તાતને શેનાથી ભરી દે છે ?**

મોરલો જગતના તાતને ઉરની અમીરાઈથી ભરી દે છે.

# 5 ભાસ્કરાચાર્ય

# અભ્યાસ

## સ્વાધ્યાય

**મૌખિક**

**૧. ભારતમાં થઈ ગયેલ ગણિતશાસ્ત્રીઓ, રસાયણશાસ્ત્રીઓ અને ભૌતિકવિજ્ઞાનીઓના નામ જણાવો.**

ભારતમાં આર્યભટ્ટ એક મહાન ગણિતશાસ્ત્રી, નાગાર્જુન એક રસાયણશાસ્ત્રી, સી.વી.રામન, ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામ મહાન ભૌતિક વૈજ્ઞાનિકો થઈ ગયા છે.

**લિખિત**

**૧. સાચા ઉત્તર સામે ✓ નું નિશાન કરો.**

**૧. ભાસ્કરાચાર્યનો જન્મ કયા ગામમાં થયો હતો ?**

☐ પોંડિચેરી ☐ દંતેશ્વર

☑ પાટણ ☐ સૂરત

૨. ભાસ્કરાચાર્ય દ્વારા રચવામાં આવેલ મુખ્ય ગ્રંથ કયો છે ?

- [ ] લીલાવતી
- [ ] બીજગણિત
- [ ] ગ્રહ ગણિત
- [x] સિદ્ધાંત શિરોમણી

૩. ભાસ્કરાચાર્ય ઉજ્જૈનની વેધશાળામાં કયા પદ પર હતા ?

- [ ] મંત્રી
- [ ] તંત્રી
- [x] અધ્યક્ષ
- [ ] સલાહકાર

૨. **નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

**૧. ભાસ્કરાચાર્યને ગણિતનું જ્ઞાન કોની પાસેથી પ્રાપ્ત થયું ?**

ભાસ્કરાચાર્યને ગણિતનું જ્ઞાન તેમના ઋષિ તુલ્ય પિતા પાસેથી પ્રાપ્ત થયું હતું.

**૨. બીજગણિતમાં ભાસ્કરાચાર્ય કોને પોતાના ગુરુ માન્યા હતા ?**

બીજગણિતમાં ભાસ્કરાચાર્ય બ્રહ્મગુપ્તને પોતાના ગુરુ માનતા હતા.

**૩. સિધ્ધાંત શિરોમણી કેટલા અને કયા કયા ભાગોમાં વહેંચાયેલો છે ?**

સિધ્ધાંત શિરોમણીમાં લીલાવતી, બીજગણિત, ગ્રહગણિત અને ગોલાધ્યાય નામના ચાર ભાગ છે.

૩. **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.**

**૧. ભાસ્કરાચાર્યના સિદ્ધાંત શિરોમણી ગ્રંથ વિશે જણાવો.**

ભાસ્કરાચાર્ય સિદ્ધાંત શિરોમણી જેમાં લીલીવતી, બીજગણિત, ગ્રહગણિત અને ગોલાધ્યાય નામના ચાર ભાગ છે. આ ચારેય ભાગ ક્રમશઃ અંકગણિત, બીજગણિત ગ્રહોસંબંધિત ગતિ તથા ગોલાધ્યાય સંબંધિત છે. આધુનિક યુગમાં પૃથ્વીની ગુરુત્વાકર્ષણ શક્તિની (પદાર્થોને પોતાની તરફ ખેંચનારી શક્તિ)ની શોધ કરવાનો શ્રેય ન્યૂટનને આપવામાં આવે છે. પણ ગુરુત્વાકર્ષણનું રહસ્ય ન્યૂટનના જન્મથી કેટલીક સદીઓ પહેલા ભાસ્કરાચાર્યે ઉજાગર કર્યું હતું. ભાસ્કરાચાર્ય પોતાના સિદ્ધાંત શિરોમણીમાં પૃથ્વી આકાશીય પદાર્થોને વિશિષ્ટ શક્તિથી પોતાની તરફ ખેંચે છે. આ કારણથી આકાશીય પિંડ પૃથ્વી પર પડે છે. અઆમ, ઘણી બધી માહિતી સિદ્ધાંત શિરોમણીમાં જોવા મળે છે.

**૨. ભાસ્કરાચાર્ય વિશે ટૂંકનોંધ લખો.**

ભાસ્કરાચાર્યનો જન્મ ઈ.સ. ૧૧૧૪ માં મહારાષ્ટ્રમાં સહ્યાદ્રિ પર્વતમાળા નજીક આવેલા પાટણ ગામમાં હતો. તેમને ગણિતનું જ્ઞાન તેમના ઋષિતુલ્ય પિતા પાસેથી પ્રાપ્ત થયું હતું. પાછળથી બ્રહ્મગુપ્તના પુસ્તકોમાંથી પણ પ્રેરણા મેળવી હતી. તેમનું સમગ્ર જીવન ગણિત માટે સમર્પિત હતું.

ભાસ્કરાચાર્ય પ્રાચીન ભારતનાં એક મહાન ગણિતજ્ઞ અને જ્યોતિષી હતા. તેમના સિદ્ધાંત

શિરોમણીમાં લીલાવતી, બીજગણિત, ગ્રહ ગણિત અને ગોલાધ્યાય નામના ચાર ભાગમાં અંકગણિત, બીજગણિત, ગ્રહસંબંધિત ગતિ તથા 'ગોલ' સંબંધિત માહિતી મળે છે.

ખગોળશાસ્ત્રીના રૂપમાં તેમણે પોતાની તાત્કાલિક ની અવધારણા માટે પ્રસિદ્ધ છે તેમજ બીજગણિતમાં ભાસ્કરાચાર્ય બ્રહ્મગુપ્તને પોતાના ગુરુ માનતા હતા અને તેમણે બ્રહ્મગુપ્તના કામને આગળ વધાર્યું.

આમ તેમણે કરણકુતુહલ લખ્યું હતું. આ પુસ્તકમાં ખગોળવિજ્ઞાનની ભાસ્કરાચાર્યને મધ્યકાલીન ભારતના મહાન ગણિતજ્ઞ માનવામાં આવે છે.

## ભાષાજ્ઞાન

**૧. સમાનાર્થી શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પર્વત | = | ગિરિ, ડુંગર | સ્થાન | = | સ્થળ |
| આકાશ | = | નભ, ગગન | નજીક | = | પાસે |
| સર્વોત્તમ | = | અતિઉત્તમ, ઉત્કૃષ્ટ | પૃથ્વી | = | ધરા, ધરતી, વસુંધરા |
| જન્મ | = | ઉત્પત્તિ, પેદા થવું તે | પ્રથમ | = | પહેલો |

**૨. વિરોધી શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| સ્વતંત્ર | × | પરતંત્ર | નજીક | × | દૂર |
| જન્મ | × | મરણ | ઉત્તમ | × | અધમ |
| પ્રથમ | × | અંતિમ | ધરતી | × | આકાશ |

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

વિશ્વના ગણિતશાસ્ત્રીઓ વિશે માહિતી શોધીને લખો. 'ભૂમિતિના પિતા' ગ્રીક ગણિતશાસ્ત્રી 'યુકલીડ' વિશે (Power Point Presentation) બનાવીને વર્ગખંડમાં પ્રસ્તુત કરો.

# 8 વિરામચિહ્નો

તમે પાઠ વાંચતા હો ત્યારે તમે વાક્યોની વચ્ચે અને વાક્યોના છેડે કેટલાંક ચિહ્નો જોતાં હશો. આ ચિહ્નોને 'વિરામચિહ્નો' કહે છે.

**વિરામચિહ્નોની જરૂર:**

* **વિરામચિહ્નોથી વાક્ય વાંચતાં ફાવે છે. જેમ કે,**
  "ભાનુ, મનુ, કનુ, રાજુ અને જીતુ મેળામાં ગયા."
* **વિરામચિહ્નોથી વાક્યનો અર્થ સ્પષ્ટ થાય છે. જેમ કે,**
  "અમને ઓછી શિષ્યવૃત્તિ મળવાની છે."

વાક્યના અંતે પૂર્ણવિરામ ( . ) છે. તેથી અર્થ સ્પષ્ટ થાય છે કે "અમને જે શિષ્યવૃત્તિ મળવાની છે તે ઓછી મળવાની છે."

પરંતુ જો પૂર્ણવિરામને બદલે બીજું વિરામચિહ્ન મૂક્યું હોય તો? જેમ કે,

"અમને ઓછી શિષ્યવૃતિ મળવાની છે?"

અહીં વાક્યને અંતે પ્રશ્નચિહ્ન ( ? ) છે. ચિહ્ન બદલવાથી અર્થ બદલાઈ ગયો. હવે અર્થ થશે : "શિષ્યવૃત્તિ અમને નથી મળવાની, બીજા કોઈને મળવાની છે."

* **ઉદ્ગારચિહ્નથી આપણા મનના ભાવો – આશ્ચર્ય, ગુસ્સો, તિરસ્કાર વગેરે –દર્શાવાય છે. જેમ કે,**

"કેવું સુંદર દૃશ્ય !" *(આશ્ચર્ય)*

"જા જા, તને શાનું ઇનામ મળે ! લુચ્ચા, ઠગારા !" *(તિરસ્કાર)*

"રાજન ! ધિક્કાર છે તને !" *(ગુસ્સો)*

પાંચમા ધોરણમાં તમે નીચેનાં વિરામચિહ્નો વિશે જાણકારી મેળવી છે, તેનું પુનરાવર્તન કરી લઈએ :

**1. પૂર્ણવિરામ** [ . ] **2. અલ્પવિરામ** [ , ]

**3. ઉદ્ગારચિહ્ન** [ ! ] **4. પ્રશ્નચિહ્ન** [ ? ]

**1. પૂર્ણવિરામ** [ . ]

(1) એની આંખમાં ઝળઝળિયાં આવ્યાં.
(2) સૌને ગળે ડૂમો ભરાયો.
(3) નાનો છોકરો ઊભો થયો.

કોઈ હકીકત કહેવી હોય કે માહિતી આપવી હોય ત્યારે વાક્યના અંતે પૂર્ણવિરામ મુકાય છે.

**2. અલ્પવિરામ ,**

(1) અમે બજારમાંથી ચા, ખાંડ, ગોળ અને મસાલા ખરીદ્યા.
(2) પરીક્ષા વખતે પેન, પેન્સિલ અને રબર લઈને જ આવવું.
(છેલ્લું નામ 'અને'થી જોડાયેલું હોવાથી ત્યાં અલ્પવિરામ મુકાય નહિ.)
(3) ઈલા, ઊભી થા.
(4) ગુરુજી, પ્રણામ!

બે કે તેથી વધુ નામને જ્યારે જુદાં પાડવાં હોય ત્યારે અલ્પવિરામ મુકાય છે. વળી સંબોધન કરતી વખતે પણ અલ્પવિરામ મુકાય છે.

**3. ઉદ્ગારચિહ્ન !**

(1) બધા ઘડીભર અવાક થઈ રહ્યા! *(આશ્ચર્ય)*
(2) તમે તો મને આજે ઘણું શીખવી દીધું! *(પ્રશંસા)*
(3) ના, મહારાજ! હું છુટ્ટો છું! *(આશ્ચર્ય)*

વાક્યમાં આશ્ચર્ય, ક્રોધ, ધિક્કાર, પ્રશંસા, દુઃખ જેવા ભાવ દર્શાવવાના હોય ત્યારે ઉદ્ગારચિહ્ન (આશ્ચર્યચિહ્ન) મુકાય છે. આમ, ઉદ્ગાર વાક્યના અંતે ઉદ્ગારચિહ્ન આવે છે.

**4. પ્રશ્નચિહ્ન ?**

(1) તારા જેવો બીજો મૂર્ખ કોણ હોય?
(2) તમે જમી લીધું?
(3) તારે શું શીખવું છે?

કંઈક જાણવા માટે, માહિતી મેળવવા માટે બીજાને પૂછવામાં આવે ત્યારે વાક્યને અંતે પ્રશ્નચિહ્ન મૂકવામાં આવે છે.

ધોરણ છમાં આપણે અર્ધવિરામ ( ; ), ગુરુવિરામ ( : ) અને અવતરણચિહ્ન (“ ”) વિશે જાણકારી મેળવીશું.

**5. અર્ધવિરામ ;**

(1) ચિત્રો તો ઘણાં છે; તમને જોઈએ તે લઈ જાઓ.
(2) શું હરખચંદ શેઠ; તમેય ભૂંડ્યો!
(3) વાઢ્ય કાન; ને આય સાન!

જે વાક્ય ખંડોમાં અલ્પવિરામનો ઉપયોગ થઈ ચૂક્યો હોય તેવા વાક્ય ખંડોને જોડવા માટે અર્ધવિરામનો ઉપયોગ થાય છે. અલ્પવિરામ પાસે અટકો તેના પ્રમાણમાં અર્ધવિરામના ચિહ્ન પાસે વધારે અટકવું પડે છે.

**6. ગુરુવિરામ** :

(1) કુટુંબવાળા સંધાય વિચારમાં પડી ગયા કે : 'માળું; આ ચમનું વેતરાણું સે?'

(2) બીજો કહે : 'તન તારી મા ચ્યાં નથ મારતી?'

(3) તેણે શિલ્પીને પૂછ્યું : 'તમે આ મૂર્તિની સ્થાપના કઈ જગ્યાએ કરવાના છો?'

વાક્યની સાથે જોડાયેલ એક બીજું વાક્ય હવે આવે છે તેનું સૂચન ગુરુવિરામ કરે છે. ગુરુવિરામ ચિહ્ન એમ સૂચવે છે કે વાક્ય પૂરું થયું હોય એવા પ્રકારનું છે ખરું, પરંતુ હવે પછી પણ કશુંક આવે છે.

**7. અવતરણચિહ્ન** “ ”

(1) યુવકે કહ્યું : 'મૅડમ, તમે મને તમારી લૉન કાપવાનું કામ આપી શકો ખરાં?'

(2) એ બોલ્યો, 'કાગળ તો હરખચંદે લખી દીધા સે.'

(3) બાદશાહે હુકમ કર્યો, “જાઓ, પકડી લાવો પેલા અપશુકનિયાળને.”

જ્યારે કોઈ વ્યક્તિએ કહેલી વાત બરાબર એના જ શબ્દોમાં કહેવાતી હોય ત્યારે અવતરણચિહ્ન વપરાય છે. વળી, વાક્યમાંથી વપરાયેલાં પદોમાંથી જે પદ કે પદોને જુદાં રાખવા માંગતા હોઈએ તે પદ કે પદોની આજુબાજુ આ ચિહ્ન મુકાય છે. તેની નિશાની (' ') કે (“ ”) હોય છે.

## સ્વાધ્યાય

1. તમારા પાઠ્યપુસ્તકમાંથી અર્ધવિરામ, ગુરુવિરામ અને અવતરણચિહ્નનો ઉપયોગ થયો હોય તેવાં પાંચ-પાંચ વાક્યો શોધીને લખો.

2. નીચેનાં વાક્યોમાં જરૂરી વિરામચિહ્નો મૂકો અને વાક્યો ફરી લખો :

(1) મેં પૂછ્યું ટિકિટ લાવ્યા છો

(2) ચા પીવાઈ રહી

(3) તમે તેમને કેવી રીતે ઓળખો

(4) અરે વાહ છે સુખડી પણ મોહનથાળ જેવી પોચી

(5) મારા અક્ષર સારા નથી આવતા

# 12 ક્રિયાવિશેષણ

વાક્યમાં નામપદ અને ક્રિયાપદ ઓળખતાં આપણે શીખ્યા. આપણે વિશેષણની પણ ઓળખ મેળવી. હવે, આપણે ક્રિયાવિશેષણની ઓળખ મેળવીશું.

નીચેનાં વાક્યો જુઓ :

(1) બાળક શાંતિથી ઊંઘી ગયું.

(2) દાદીમા સદાય હસતાં હોય.

(3) દીપડાની લુચ્ચાઈ સાથે તેમણે 'આજીવન' ઝઝૂમવું પડે છે.

(4) ગાડી ધીમી ચાલતી હતી.

(5) બાળકે તેને વહાલપૂર્વક ગોદમાં લીધું.

ઉપરનાં વાક્યોમાં 'સદાય' અને 'આજીવન' ક્રિયાપદની ઘટના કે સ્થિતિને બતાવે છે. **એકલી ઘટના કે સ્થિતિને બતાવનાર શબ્દને આખ્યાત કહે છે.**

'શાંતિથી', 'ધીમી' અને 'વહાલપૂર્વક' ક્રિયા કેવી રીતે બની તે બતાવે છે. તે ક્રિયાવિશેષણ છે. **ક્રિયા કેવી રીતે બને છે કે કેવી રીતે કરે છે તે દર્શાવતા શબ્દને 'ક્રિયાવિશેષણ' કહે છે.**

ઘણી વાર ખૂબ, અત્યંત એવો અર્થ દર્શાવવા માટે ક્રિયાવિશેષણ બે વાર વપરાય છે, જેમ કે,

(1) બા ઉતાવળી ઉતાવળી ઘરની બહાર નીકળી. (અત્યંત ઉતાવળથી)

(2) અમે ધીમે ધીમે ગયા. (ખૂબ ધીમેથી)

(3) તે બેઠા બેઠા પગાર લે છે. (ખૂબ બેસીને, જરાય કામ કર્યા વગર)

## સ્વાધ્યાય

*** નીચેનાં વાક્યોમાંથી ક્રિયાવિશેષણ શોધો :**

(1) અમે બિલ્લીપગે આગળા ઉઘાડ્યા.

(2) એક સંન્યાસી શાંતિથી ચાલ્યા આવે.

(3) માણસો ટપોટપ મરવા લાગ્યા.

(4) કોચલાં પાણીમાં આમ-તેમ ઝોલાં ખાઈ રહ્યાં હતાં.

(5) પેલો માણસ ટાઢથી થરથર ધ્રૂજી રહ્યો છે.

**(5) તમારો મિત્ર ભણવામાં હોશિયાર છે, પરંતુ તે પોતાની તંદુરસ્તીની કાળજી રાખતો નથી. તેને તંદુરસ્તી સુધારવાના ઉપાયો બતાવતો પત્ર લખો.**

પરેશ જે. પટેલ
A/3/4, વિનય ફ્લૅટ્સ,
મણિનગર, અમદાવાદ.
પિનકોડ : 380 008
તા. 11 – 8 – 2017

પ્રિય મિત્ર સુરેશ,

તારો પત્ર મળ્યો. તું વર્ગમાં પ્રથમ સ્થાન મેળવી ઉત્તીર્ણ થયો તે માટે તને અભિનંદન.

મને તારા પિતાજી મળ્યા હતા. તે તારી તબિયતની ચિંતા કરતા હતા. તારે તારી તંદુરસ્તીની કાળજી રાખવી જોઈએ. દરરોજ સવારે વહેલા ઊઠીને કસરત કરવી જોઈએ. તારા વર્ગ માટે રમતનો તાસ પણ રાખવામાં આવતો હશે. એમાં તારે હોંશથી ભાગ લેવો જોઈએ. વળી સાંજે તારે ફરવા પણ જવું જોઈએ. તારે તારા ખોરાકની પણ પૂરેપૂરી કાળજી રાખવી જોઈએ. રોજ સવારે દૂધ પીવું જોઈએ. દરરોજ થોડાં ફળો અને શાકભાજી પણ ખાવાં જોઈએ.

હું આશા રાખું કે એક મિત્ર તરીકે તને મારી સલાહ ગમશે. 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે', એ સૂત્ર યાદ રાખજે.

તારાં માતાપિતાને મારાં પ્રણામ.

તારો મિત્ર